સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પૂરો બેવફા સભ્યોને રિસોર્ટે, છટકતા હોય તો...
કાઢો સાહેબોને, ફરજમાંથી ફટકતા હોય તો...
ભટકતાં હોય પશું નધણીયાતાં પૂરો પાંજરે -
ને કરો નીતિશવાળી જો મંત્રી ખટકતા હોય તો...
(મંત્રીમંડલમાં બોલાયાલી)

હાઈકુ

ગોઠવાઈ ગ્યો -
રાષ્ટ્ર પર પહેરો -
સંઘ-પક્ષનો...

વિશ્વાસ નથી,
કોઈને કોઈ પર -
સ્વાર્થ નાં જૂથો...

ચિંતન

અતિદીપ્તો અપિ ખદ્યાતો ન પાવકઃ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રકાશથી સભર હોવા છતાંયે આગિયો અગ્નિ બની શકતો નથી.

આગિયો ભલે એના પ્રકાશથી ખૂબ ચમકે, પણ તે અગ્નિ તો નથી જ બની શકતો, કારણ કે, તે કોઈ પણ પદાર્થને સળગાવી નથી શકતો. એ જ રીતે જે વ્યક્તિનું મન કમજોર હશે તે કયારેય કોઈ હિંમતભર્યું કામ નહિ કરી શકે.

આપણા નેતાઓની ભાષાની ચમક-દમક-ઉગ્રતા-રોષ આગિયા જેવા છે એકમેક કો ચૂનકર મારેંગે - જડબાતોડ જવાબ દેંગે - બદલા જરૂર લેંગે - જેવાં નિવેદન હવે તદ્દન ઘસાઈ ગયાં છે એની કોઈ અસર કોઈનેય થતી નથી - આગિયાના પ્રકાર જેવાં નિવેદન નિરર્થક જ છે.

સુવિચાર

- આપણને આપણાં પાપોની શિક્ષા થતી નથી પણ એમના વડે શિક્ષા થાય છે - **સંત રોબિન**
- મતભેદ એટલે અહંકારની હાજરી - **ઓશો**
- શુદ્ધ આત્મામાં અહમ્ નથી આવતો, જયાં પોતે જ છે, ત્યાં અહમ્ શેનો? આરોપિત જગ્યાએ 'હું છું' કહે, તેને અહંકાર કહેવાય - **આપ્તસૂત્ર**
- જયાં જરાય દુઃખ નથી એવા સ્વર્ગમાં પહોંચવાનો માર્ગ દુઃખોની વચ્ચેથી પસાર થાય છે - **વિલિયમ કૂપર**
- રૂઢિચૂસ્ત એટલે જૂના ખ્યાલો છોડી ન શકે અને નવા વિચારો ગ્રહણ ન કરી શકે તેવો દર્દી - **હિરેન ભટ્ટ**
- જેને પોતાનામાં વિશ્વાસ છે તે જ બીજાનો વિશ્વાસ બની શકે છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : ઠંડી લાગી ને આવતા તાવમાં અઢી ગ્રામ જેટલો અજમો ગળી જવાથી પરસેવો વળી તાવ ઉતરે છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ગુરુ ગોપાલદાસ બારૈયા મુંબઈથી મુરૈનાનો પ્રવાસ ખેડી રહ્યા હતા. યાત્રા લાંબી હતી. સામાન ઘણો હતો. ગુરુએ સ્ટેશન પર પહોંચતા સ્વજનોને કહ્યું, 'આ સામન વધારે છે. એનું વજન કરાવીને જરૂરી ભાડું ચૂકવી તેની રસીદ લઈ આવો.'

ટ્રેનનો ગાર્ડ આ વાત સાંભળી એણે કહ્યું, 'ગુરુજી, રહેવા દો સામાનનું વજન કરાવી વધારાનું ભાડું ચૂકવવાની જરૂર નથી. હું ઈંદોર સુધી આ ટ્રેનમાં જ છું.' ગુરુ ગોપાલદાસે કહ્યું, 'આપ ઈંદોર સુધી સાથે રહેશો પણ પછી આગળ શું થશે?' ગાર્ડે કહ્યું, 'મારા સ્થાન પર જે નવો ગાર્ડ આવશે તેને હું આપની વાત કરી દઈશ એટલે તે ગાર્ડ પણ પોતાની ફરજ પૂરી થશે ત્યાંથી નવા ગાર્ડને જાણ કરી દેશે. છેક મુરૈના સુધી આપ નિરાંતે પહોંચી જશો...'

ગુરુ ગોપાલદાસે કહ્યું, 'ભાઈ, મારી યાત્રા મુરૈના સુધીની જ માત્ર નથી, મારી જીવન યાત્રા તો ખૂબ લાંબી છે. પછી આગળ તમે મને શી રીતે સહાય કરશો? ત્યાં તો મારા બધા જગુના પકડાઈ જવાના ને?'

ગાર્ડ નીચું જોઈને ક્ષમા યાચવા લાગ્યો. ઈશ્વરના દરબારમાં કયાંય લાગવગ કે ભલામણ કોઈની પણ ચાલતી નથી. ગુન્હાઓ છાપરે ચડી પોકારે જ છે. દેર છે અંધેર નથી.

કોંગ્રેસ બોધપાઠ લેશે

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસની સાચી પરિસ્થિતિ વિશે ખોંખારીને બોલવાની કોઈ જ હિંમત નથી કરી શકતું ત્યારે જયરામ રમેશ જેવા બૌદ્ધિક એમના આકલન સાથે ખુલ્લેઆમ બહાર આવ્યા છે. રાજયસભાના વરિષ્ઠ સદસ્ય જયરામ રમેશ હવે કોંગ્રેસમાં આંગળીના વેઠે ગણી શકાય એવા બોલકા અને હિંમતવાન સભ્યો પૈકીના એક છે. એમને મોદી અને શાહની વણથંભી વિજયકૂચ સામે કોંગ્રેસના ઊંઘણશી ખેરખાં ગણાતા હાઈકમાન્ડને ટપાર્યો છે અને સ્પષ્ટ શબ્દમાં જણાવ્યું છે કે કોંગ્રેસ એના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધારે મુશ્કેલીના સમયગાળામાંથી પસાર થઈ રહી છે. આ કોઈ નાનો સૂનો પડકાર નથી, પરંતુ કોંગ્રેસના અસ્તિત્વનો જ પ્રશ્ન ઊભો થયો છે. મોટી એન શાહ જે રીતે એમની આગવી રાજનીતિની ચાણક્યચાલ રમી રહ્યા છે એ રીતે એમનું ભારતને કોંગ્રેસમુક્ત કરવાનું સપનું સાકાર થઈ રહ્યું હોય એમ લાગે છે. પ્રજા એમની રાજનીતિની સામે નથી બલકે સાથે છે અને કોંગ્રેસ જો વેળાસર પ્રો-એક્ટિવ નહીં બને તો આ એના સર્વનાશનો ખેલ સાબિત થશે. જયરામ રમેશનમાં મનમાં જે મંથન ચાલી રહ્યું છે તે ઘણા બધા સાચા કોંગ્રેસીઓના હૃદયની વાત છે. ખાટલે ખોડ એટલી કે કોંગ્રેસનો કબજો એક પરિવાર હસ્તક આવી ગયો છે અને જયરામ રમેશ જેવાને પણ એ પરિવારની ગુડબુકમાં રહેવા માટે આટલા સ્પષ્ટ નિવેદન પછી પણ ઉમેરવું પડે છે કે હવે રાહુલ ગાંધીએ વેળાસર પાર્ટીનું પ્રમુખપદ સંભાળી લેવું જોઈએ! જયરામની આ બે મોઢાની વાત જરા હાસ્યાસ્પદ પણ લાગે. ત્યારે પ્રમુખ નહીં હોવા છતાં રાહુલ ગાંધી જ પાર્ટીના સર્વોચ્ચ નેતા છે અને તમામ કોંગ્રેસીઓ એમને નેતા માની ચાલતા રહ્યા છે. સોનિયા ગાંધીની નાદુરસ્ત તબિયત પછી રાહુલ ગાંધી જ કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. પરંતુ શુ એમની આ જવાબદારીનું કોઈ પરિણામ કોંગ્રેસને મળ્યું છે ખરું? સોનિયા ગાંધી પ્રત્યેની સહાનુભૂતિ અને એમના ત્યાગ, સમર્પણ તથા તિતિક્ષાનો લાભ કોંગ્રેસ મેળવી ચૂકી છે, જયારે 'રાહુલ બાબા' ને તો પ્રજાએ પચાસ વર્ષે પણ નાદાન જ ગણી કાઢ્યા છે. હવે પોતાના હાથમાં સુકાન આવે તો કોઈ ચમત્કાર થઈ જશે એમ માનવું વધારે પડતું છે. અમિત શાહ તો સામાન્ય કાર્યકરમાંથી ઊંચકાયા છે અને વિવાદાસ્પદ હોવા છતાં ભાજપમાં રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા પછી એમને ડગલે ને પગલે સફળથા જ સફળતા સાંપડી છે. એ કોઈ રાજવંશી નેતા નથી મોદીના વિશ્વાસુ પણ જરુર છે. જયરામ રમેશ રાહુલ ગાંધીના વિશ્વાસુ હોઈ શકે છે બની શકે કે એમ તેઓ કોંગ્રેસના ભાવિ પ્રમુખના રાજકીય સલાહકારનું પદ હાંસલ કરી શકે. પરંતુ એથી શું ચિત્ર બદલાઈ જશે? રાહુલ બાબા એકાએક પુન્ન બની જઈ રાતોરાત જાદુ કરવા લાગશે અને કોંગ્રેસની મૃતપ્રાય કાયામાં નવી ચેતના ફૂંકી શકશે? જરૂર તો છે કોંગ્રેસમાં કોઈ પાયાના કાર્યકરના હાથમાં સુકાન સોંપવાની, જે ખુશામતખોરોની અને સત્તાખોરોની શેહમાં આવ્યા વગર મહાત્મા ગાંધી અને સરદાર પટેલની તથા પંડિત જવાહરલાલ નહેરુ અને મૌલાના આઝાદની કોંગ્રેસનો જીણોદ્ધાર કરે. એ માટે કદાચ એકાદ દાયકા જેટલો વખત પણ લાગે. પરંતુ જો જયરામ રમેશ એમ કહેતા હોય કે ભારત બદલાઈ ગયું છે તો એની સાથે કોંગ્રેસે પણ બદલાવું જ પડશે અને વંશીય રાજનીતિના સકંજામાંથીય છૂટવું જ પડશે.

સાપ કરતાંય વધુ કાતિલ ઝેર...

નવાં કલેવર
નટવર હેડાઉ

શહેરમાં આજ સવારથી ધોધમાર વરસાદ પડી રહ્યો હતો. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં હતા. વર્તમાનપત્રોમાં અને ટીવી ચેનલો પર હવામાન ખાતાની આગાહી હતી કે હજુ ત્રણ દિવસ ભારે વરસાદની શક્યતા છે. દરમાં બેઠેલા સાપનું બચ્ચું વિચારતું હતું કે ચાલો સારું થયું. હવે ગરમી નહીં લાગે.

વરસાદનું જોર વધતાં પાણી સાપના દરમાં આવ્યું. તો અને તેની માં બહાર નીકળી આવ્યાં વરસાદ ગર્જના કરતો હતો. સાથે વીજળીના ચમકારા પણ થતા હતા. તે સાથે બીજા પણ કંઈ ઝબકાર થતા હોય તેવું તેને લાગ્યું. સાપોલીયા ને કંઈ સમજણ ન પડી. તેને એમ થયું કે માં ને પુછી જોઉં તે માં સર્પીણીને શોધવા લાગ્યું. આજુબાજુ જોયું પણ તેની માં કયાંય દેખાઈ નહીં. અત્યાર સુધી દરમાં રહી મોટા થયેલા સાંપોલીયા માટે બહારની દુનિયા જોવાનો આ પહેલો અવસર હતો.

તે સરકતું સરકતું આગળ વધતું હતું. ત્યાં તેને અવાજ સંભળાયો. 'અરે! આ તો સાંપનું સાંપોલિયું....' તે ગભરાઈ ગયું. આજથી પહેલાં આવો કર્કશ અવાજ તેણે કયારેય સાંભળ્યો ન હતો.

તેણે જોયું કે એક જાડો પહેલવાન જેવો લાગતો માણસ એક નાના છોકરાને મારતો બુમો પાડી રહ્યો હતો.

'સાલ્લા... ચોર ઘરમાં ચોરી કરે છે.'

આ વાત સાંપોલીયાના મગજમાં બેઠી નહીં તે સરકતું સરકતું આગળ વધી ગયું. ત્યાં આગળ જતાં તેણે જોયું તો એક દારૂડિયો એક સ્ત્રીને ચીસાચીસ કરીને કહી રહ્યો હતો. 'તું મને ઓળખતી નથી. હું એવો સાપ છું. જેને કરડું તે પાણી પણ ન માંગે. તું તારા બાપ પાસેથી પૈસા લઈ આવ અથવા આજ રાતે મારા ગોડફાધર પાસે....'

સાંપ પોતાનું ઝેર અંદર લઈને ચૂપચાપ ત્યાંથી આગળ સરકી ગયો.

આગળ જતાં તેણે જોયું તો લોકોનું ટોળું ભેગું થયેલું હતું. બે માણસો ઝઘડતા હતા. એક માણસ બુમો પાડી ને કહેતો હતો.

'આવો ભાઈ હોય? મારી બધી મિલ્કત હડપ કરી ગયો છે અને મારી પત્ની સાથે પણ... ઘરનો વેરી સાંપ છે.'

આ બુમો સાંભળીને સાંપોલિયાના માથામાં દુઃખાવો થવા લાગ્યો. તે ત્યાંથી દૂર સરકવા લાગ્યો પરંતુ પેલો બુમો પાડી રહેલો માણસ તેને જોઈ ગયો. તેણે તેને લાકડી ફટકારી દીધી.

ગભરાઈને તે ઝાડીમાં સંતાઈ ગયો. ત્યાં તેને અવાજ સંભળાયો. 'સાંપ તો નીકળી ગયો હવે લીસોટા પર લાકડી પછાડવાથી શું થવાનું?' તું તારી પત્નીને સંભાળ...

એટલામાં સાંપોલીયાની માં ત્યાં આવી ગઈ. સાંપોલીયાએ તેને આખી વાત કરી. માં ને પુછ્યું. 'તને કોણે માર્યું.'

સાંપોલીયાએ ઈશારાથી બતાવ્યું. તો માંને પણ આશ્ચર્ય થયું. તેણે પુછ્યું. 'આ ઉઘાડા પડી ગયેલા માણસો?'

રાયણ - લીંબોડી : માણસને ચાખો તો જ ખબર પડે

ગુલમહોર
દિનેશ દેસાઈ

વિનોબા ભાવે કહેતા કે ''રાયણ અને લીંબોડી દેખાવમાં સાવ સરખા જ જણાય. પરંતુ એને ચાખો તો ખબર પડે કે મીઠાશ આવી તે રાયણ અને કડવાશ આવી તે લીંબોડી. માણસનું પણ એવું જ હોય છે. માણસની નજીક જાઓ અને અનુભવ કરો પછી જ સારા-ખોટાની ખબર પડે.''

બાળપણના દોસ્ત સૌને યાદ આવે, સૌને યાદ હોય. જેણે સ્કૂલમાં તમને અણીના સમયે નાનકડી પેન્સિલ માગી તો એ પણ આપી નથી તે તમને વયમાં મોટા થયા પછી શું મદદ કરશે, એ તમારે સમજી રાખવું જોઈએ. આવું બ્રહ્મજ્ઞાન બધા પાસે હોતું નથી. બાળપણના એવા ફ્રેન્ડઝને મિસ કરવાનો કોઈ મતલબ નથી કે જે તમારા કામના સમયે તમને ક્યારેય કામ લાગ્યા જ નથી. ઘણા લોકો તમને મદદરૂપ થવાનો દેખાવ કરતા હોય છે, હકીકતમાં તમારા માટે એવા લોકો બોજારૂપ જ હોય છે.

માળી જે ડાળ કહોવાય તેને કાપી જ નાખે, કેમ કે એમાં અંકુર ફૂટવાના ચાન્સ જ ન હોય. ખેડૂતને ખેતરમાં જ્યાં સૂકારો દેખાય તેવા ધરુ મૂળ સોતા ઉખાડી ફેંકે. સંબંધમાં આપણને જે પાઠ ભણવા મળે છે, એ કોઈ સ્કૂલ-કૉલેજમાં મળતો નથી. રિલેશનમાં પણ લેશન હોય છે. જ્યારે તમને મદદની જરુર હોય ત્યારે તમે બધા પાસે અપેક્ષા ન રાખી શકો. વડ, પીપળ અને લીમડો જ તમને છાંયો અને શાતા આપી શકે, આસોપાલવ નહીં. આસોપાલવ પાસે કોઈ ફળની આશા રાખી શકાય નહીં. જેની કૂખ વંધ્ય છે તે સ્ત્રી પાસે સંતાનના જન્મની આશા રાખવી અર્થહીન છે.

જો તમે બધા પાસે મદદ માટે પોકાર કરતા રહો તો એનું પરિણામ વિપરીત જ આવે. દસ-બાર વર્ષના એક છોકરાની વાત કરીએ. છોકરા પાસે જે પેન્ટ હતું તેની લંબાઈ વધુ હતી એટલે પહેરવું ફાવતું નહોતું. તેણે મમ્મીને વાત કરી કે પેન્ટને નીચેના ભાગેથી પાંચ ઈંચ કાપી આપે. મમ્મીએ કહ્યું કે સાંજ થઈ ગઈ છે, હવે કાલે વાત. છોકરાએ મોટી બહેનને મદદ કરવા કહ્યું. બહેને પણ મમ્મી જેવો જ જવાબ આપ્યો કે પછી કરી આપીશ. પપ્પા પોતાના કામકાજ પરથી મોડી સાંજે ઘરે આવ્યા ત્યારે છોકરાએ પપ્પાને પણ કહ્યું તો પપ્પાએ પણ બીજા દિવસે સવારનું પ્રૉમિસ આપ્યું. છોકરો હતાશ થઈને વહેલો સૂઈ ગયો.

> **સંબંધમાં આપણને જે પાઠ ભણવા મળે છે, એ કોઈ સ્કૂલ-કૉલેજમાં મળતો નથી, રિલેશનમાં પણ લેશન હોય છે, જ્યારે તમને મદદની જરુર હોય ત્યારે તમે બધા પાસે અપેક્ષા ન રાખી શકો, વડ, પીપળ અને લીમડો જ તમને છાંયો અને શાતા આપી શકે, આસોપાલવ નહીં**

કામકાજથી પરવાર્યા પછી માને થયું કે દીકરાનું પેન્ટ સરખું કરી આપવું જોઈએ. માએ દીકરાએ બતાવેલું પેન્ટ પાંચ ઈંચ કાપીને સિલાઈ વ્યવસ્થિત કરીને વૉર્ડરૉબમાં મૂકી દીધું. થોડી વાર પછી છોકરાના બેડરૂમમાં બહેન આવી. તેણે ભાઈએ બતાવ્યું હતું એ પેન્ટ પાંચ ઈંચ કાપીને સરખું કરીને પાછું મૂકી દીધું. મોડેથી છોકરાના પપ્પા તેના બેડરૂમમાં આવ્યા અને વૉર્ડરૉબમાંથી દીકરાએ બતાવેલું પેન્ટ બહાર કાઢ્યું, પાંચ ઈંચ કાપ્યું અને સ્ટિચીસ્ ફિનિશિંગ કરીને પાછું મૂકી દીધું. સવારે જાગીને જ્યારે છોકરાએ પોતાનું પેન્ટ જોયું તો તેના આશ્ચર્યનો પાર ના રહ્યો. પેન્ટ હવે હાફ-પેન્ટ બની ગયું હતું. એક જ કામ માટે તેણે ત્રણ જણા પાસે માગેલી મદદનું પરિણામ નજર સામે હતું. તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

એક દૃશ્યની કલ્પના કરો કે આકાશમાં પારેવું ઊડી રહ્યું છે, તેની ઉપર સમડી તરાપ મારવાની તૈયારીમાં જ છે. નીચે જમીન ઉપર એક પારધી સમડી ઉપર તીરનું નિશાન લગાવીને ઉભો છે. પારધીના પગ પાસે જ ફેણ ચડાવીને નાગ દંશ મારવા ટાંપીને જ બેઠો છે. નાગને શિકાર બનાવવા નોળિયો પણ તૈયાર જ છે. હવે પારેવું મરશે કે બચશે? ''હા'' કે ''ના''માં જવાબ જોઈએ. જો આમ બને તો... એવું નહીં. ''જો'' અને ''તો''નો આ ખેલ નથી. સવાલનો સીધો જવાબ એ છે કે કોને મારવા અને કોને તારવા, એ બધું ઈશ્વર અથવા કુદરતના હાથમાં છે. બધા કાર્ય આપણા હાથની વાત હોતા નથી, એમાં ક્યારેક ઈશ્વરનો ચમત્કાર પણ ભળતો હોય છે. જેને આપણે નસીબ કહી શકીએ. બધું કાર્ય નસીબના આધારે છોડી શકાય નહીં, તો ક્યારેક નસીબના ભરોસે પણ બેસવાની એક અલગ મજા હોય છે.

કોઈ એક જ વ્યક્તિ પાસે તમે કદાચ મદદની આશા રાખી શકો, જો એ વ્યક્તિ તમને મદદ કરશે એમ તમને લાગતું હોય તો જ આવી આશા રાખી શકાય. અન્યથા ઘણા બધા લોકો પાસે તમે તમારી સમસ્યા રજુ કરી હોય તો મોટા ભાગે એ લોકો માટે તમે એક તમાશો જ બની રહો છો. લોકોને મનોરંજન ગમતું હોય છે, મદદરુપ થવું નહીં. જ્યારે બધા પાસે મદદનો હાથ લંબાવ્યો હોય ત્યારે બધા પૈકી કોઈ એક જણ પણ મદદ કરવા નજીક આવતું નથી. રોડ ઉપર વાહન અકસ્માતના બનાવો નજરે જોવાનું ક્યારેક બનતું હોય છે. તમે યાદ કરો કે આવા સમયે ટોળામાંથી એક જ માણસ મદદ માટે આગળ આવતો હોય છે. બાકીના લોકો માત્ર તમાશો જ જોઈ રહ્યા હોય છે. આ છે રિયાલિટી ઑફ લાઈફ.

જસ્ટ ટ્વીટ:-

''એક સાધે, સબ સધે,
સબ સાધે, સબ જાય.''

રાઉન્ડ ધ ક્લૉક કામ...!! સતત આઠે પ્રહર દરરોજ, પડે જેમાં બધાંને મોજ એવું કામ કરવાનું...!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં નર્સ તરીકેની શનિવારની ડ્યુટી ઓવર કરી મૈત્રી વાડજ પહોંચવા ફટાફટ નીકળી. રસ્તામાં ઠેકઠેકાણે રાખડીની જાહેરાત અને દુકાન જોતાં એને પણ નણંદ માટે રાખડી લેવાનું યાદ આવી ગયું...

'પેલી, ભાઈ ભાભીની રાખડી બતાવો તો...' દુકાનમાં ગોઠવાયેલી રાખડીઓ જોતાં એણે એ પસંદ કરી, સાથે રૂદ્રાક્ષવાળી રાખડી અને ભગવાન માટે ફૂમતાંવાળી સાદી લાલ ડઝન રાખડી બંધાવી દીધી.

દુકાનમાં ટીનેજર્સની ભીડ દેખાતાં એણે જોયું તો ત્યાં પુષ્કળ બધાં ફ્રેન્ડશીપ બેલ્ટ પણ લાગેલાં હતા... 'કયારે છે ફ્રેન્ડશીપ ડે?' એણે એક છોકરીને પૂછ્યું.

'ઓગસ્ટનો પ્રથમ રવિવાર, એટલે કે કાલે જ છે...' મૈત્રીએ આ વાત સાંભળતાં જ એ વીસ વર્ષ નાની થઈ ગઈ, એણે યાદ કર્યું સંસારમાં ગોઠવાયા પછી રાઉન્ડ ધ ક્લૉક કામમાં કેટકેટલું છુટી ગયું. એણે યાદ કર્યું કે અમદાવાદમાં પ્રાચી, શિવાની, વિભૂતિ, રોહિણી આ ચાર તો બહેનપણી મળી જ જશે, અને પેલાં ફેસબુક ફ્રેન્ડ આનંદભાઈ... એણે પાંચ ફ્રેન્ડશીપ બેલ્ટ ખરીદી લીધાં. કાલે રવિવાર છે. આમેય નણંદ તો સાંજે આવશે, સવારે ફટાફટ કામ પતાવી, અડધો કલાક આ બધાંને મળી લઈશ, એમ વિચારી એણે વોટ્સએપમાં ચારેય બહેનપણીને ગાંધી આશ્રમ મળવા માટે મેસેજ સેન્ડ કર્યો...

> **વાત મુશ્કેલ છે અને સમજાઈ પણ જશે,**
> **અગવડની આદત છે, ગોઠવાઈ પણ જશે!**
> **રાત થોડી ને વેશ ઝાઝા છે, એ સાવ સાચું,**
> **ભજવવાનું જ હોય તો ભજવાઈ પણ જશે!**
> **- મેહુલ ભટ્ટ**

રવિવારની સવાર આમ તો નિરાંતની હોવી જોઈએ, પણ ઘરની વહુને એ ફેસીલીટી કયાંથી? દર રવિવારે સાત વાગે ઊઠતી મૈત્રી આજે છ વાગે ઉઠી ગઈ, જલદી કામ પતાવી બહેનપણીઓને મળવા સ્તો? સાસુ-સસરા માટે ચા, દીકરી-દીકરા માટે દૂધ-નાસ્તો અને પતિ પરમેશ્વર માટે ટુવાલ સહિતની અન્ય વ્યવસ્થા ગોઠવી એ નવ વાગ્યે ફ્રી થવાની ફિરાકમાં હતી, ત્યાં એના સસરાએ બુમ પાડી,

'મૈત્રી, આજે સાંજે વૈશાલી આવવાની હતી તે સવારે આવે છે, બેટા એમની રસોઈ કરજો, અને હા એને કઢી-પુલાવ ભાવે છે, એણે ખાસ કહ્યું છે કે તારા હાથમાં ગુલાબજાંબુ સરસ બન છે એ સાંજ માટે બનાવે...'

મૈત્રીના પર્સમાંથી ડોકીયાં કરતાં ફ્રેન્ડશીપ બેલ્ટ આ વાત સાંભળી મૈત્રી જેટલાં જ અકળાઈ ઉઠ્યા. મૈત્રી બહાર જવું છે એવો શબ્દ મોંમાંથી કાઢી ના શકી. હાથમાં લીધેલી પર્સ, મોબાઈલ અને ફ્રન્ટીની ચાવી ઠેકાણે કરી પાછી રસોડામાં ભરાઈ ગઈ... ૨૧માં વર્ષે લગ્ન થયાં સાસરે મોટો પરિવાર, ત્રણ નણંદ, વાર-તહેવાર-પ્રસંગે ૨૦-૨૫ માણસની રસોઈ એ સામાન્ય બની ગયેલું, કામનો કંટાળો નહોતો પણ મદદ કરવા કોઈ હાથ આગળ આવતો નહોતો... મૈત્રીની નજર સામે ચા ઉકળીને ઘેરાં બ્રાઉન રંગની થઈ ગઈ, એનાં ફોને વિચાર શૃંખલ તોડી...

'અમે તારી રાહ જોઈએ છીએ, તેં જ બોલાવી તું જ ના આવે...' બહેનપણીઓ પહોંચી હતી, જવાબમાં મૈત્રીએ ડૂસકું ભર્યું, એના અવાજને ઓળખી બહેનપણીઓ સમજી ગઈ કે આ ભરાઈ ગઈ...

મૈત્રીની ત્રણ નણંદ વારા ફરતી આવતી રહેતી. આવે જ ને? એ એમનું પિયર હતું, આરામ કરવા તેઓ હક્કથી આવતી. અને મૈત્રીએ એનું સ્વાગત - આતિથ્ય સત્કાર કરવો જ પડે, નહીં તો સાસુ સસરા નારાજ થઈ જાય. મૈત્રીનું પિયર પણ નજીક એટલે રાણીપ હતું. નાનપણમાં મમ્મી ગુજરી જતાં મૈત્રી બીજાં કરતાં જલદી મોટી અને સમજદાર થઈ હતી. ડૉકટર થવાની લાયકાત છતાં પપ્પાને સાચવવાં એણે નર્સીંગનો કોર્સ કર્યો. નસીબથી સરકારી સિવિલિમાં જોબ મળી. ઘરે પુષ્કળ કામ કરતી મૈત્રીને સિવિલમાં પણ ખૂબ કામ પહોંચતું. પણ પેન્શનના દુઃખ દર્દને રાહત મળે એ માટે સદાય હસતું મોં રાખી સેવા કરતી અને એમાં એના કામનો થાક દૂર થઈ જતો...

નણંદની મનગમતી ડીશ તૈયાર કરવામાં લાગી ત્યાં એના પપ્પાનો ફોન આવ્યો, 'મૈત્રી મેં આજે તારા માટે ભરેલાં ભીંડાનું શાક બનાવ્યું છે, કુમારને લઈને આવજે...' મમ્મીના અવસાન અને મૈત્રીની કન્યા વિદાય બાદ એકલા પડેલા પપ્પા જાતે રસોઈ બનાવતાં થયેલાં. ભીંડાનું ભરેલું શાક એટલે મૈત્રીનું ફેવરીટ અને કુમારને દીઠું ન ભાવે... એટલે સાસરે એ ભરેલાં ભીંડાનું શાક બનાવે એટલે એ કહેતાં, 'તારે ખાવું હોય તો ખા,' અને પછી એમની ના પસંદથી ભરેલાં ભીંડાનું શાક બનવું બંધ થઈ ગયું...

મૈત્રી થોડી ચીડાઈ ઊઠી, નણંદ સાંજે જ આવી હોત તો? ફ્રેન્ડશીપ ડે અને પપ્પા બંને સચવાઈ જાત. છતાં એણે પતિને પૂછ્યું, 'મારા પપ્પા આજે જમવા બોલાવે છે, જઈશું?' એણે ઘસીને ના પાડી. સોફામાં લાંબા થઈ ટીવી જોયાં કરશે પણ મારી સાથે નહીં આવે, એણે દર વખતની જેમ વિનંતી કરી પણ અનો કોઈ ઉપયોગ નહીં... 'શું કામ મારા પપ્પા આને બોલાવતાં હશે? એમનું માન સાચવવાય આવતાં નથી?' એને પોતાના પપ્પાની દયા આવી...

આઠ હાથ હોય તો પણ કામ ઓછું પડે એટલું કામ, ઘરનાં જે ખૂણે ફરો કામ જ કામ, ક્યારેક તો મૈત્રીને થતું હું માણસ છું કે મશીન? અડધી રસોઈ થઈ અને નણંદ એના પરિવાર સાથે આવી ગઈ. બાકીની બે નણંદ સાંજે આવશે, કારણ કાલે રક્ષાબંધન... મૈત્રીને પણ ભાઈ હતો, પણ એ જો અહીંથી નવરી પડે તો ભાઈને ત્યાં જાય ને? એને ભાઈને ત્યાં પહોંચતા સાંજ પડવાની હતી.

બપોરનું ભોજન પતાવી મૈત્રી આજે મહિનાનો પ્રથમ રવિવાર હોવાથી કરિયાણું સામાન ભરવા સાબરમતી પાસે ડી. માર્ટ મોલમાં પહોંચી ગઈ, જતાં જતાં સસરાએ ફરી યાદ કરાવેલું, 'ગુલામજાંબુ પેકેટ લીસ્ટમાં લખ્યાં છે ને?'

અનુસંધાન પાના નં. ૭ પર